**<u>અમદાવાદનાં મહે. એડી. ચીફ મેટ્રો. મેજી. સાહેબની ને.ઈ. એક્ટની કોર્ટ નં. ૨૮ અમદાવાદ</u>**

**ફોજદારી કેસ નં. 70683/2017**

ફરિયાદી– Reliance Commercial Finance Ltd.

વિરુદ્ધ

આરોપી- Barkha Anurag Agrawal

**<u>– આંક–૧ લગત હુકમ –</u>**

૧. ફરીયાદી દ્વારા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબની પ્રાઈવેટ ફરીયાદ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ.

૨. સદર કામે ફરીયાદી તથા તેમનાં વિદ્વાન વકીલશ્રી દ્વારા હાલની ફરીયાદ આગળ ચલાવવા માંગતાં ન હોવાની રજુઆત કરેલ છે તેમજ હાલની ફરીયાદ બિનશરતી વિડ્રો કરવા માંગતાં હોવાની પુરસીસ રજુ કરેલ છે. જેથી, ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૭ને ધ્યાને લેતાં, હાલનાં કામે ફરીયાદી તથા આરોપી વચ્ચે કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૪૭ મુજબ હાલની ફરીયાદ માંડવાળ થવાને પાત્ર હોઈ, હાલની ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૭ હેઠળ વિડ્રો કરવા ફરીયાદીને પરવાનગી આપવામાં આવે છે તથા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. હાલનો કેસ વિડ્રોથી કેંસલ કરવામાં આવે છે

હુકમ આજ રોજ તા. ૧૨મી, માહે માર્ચ, સને ૨૦૨૨ ના રોજ લોક–અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખઃ ૧૨/૦૩/૨૦૨૨

મુકામઃ અમદાવાદ

(સલીમબાદશાહ ઈકબાલ પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
ને.ઈ.એ. કોર્ટ નં. ૨૮,અમદાવાદ
કોડ નં. જીજે ૦૧૦૯૬